[illegible]

કુટુંબ માટે શૌચાલય બનાવવા માટેની સહાયમાં વધારો કરવા બાબત.

---

**ગુજરાત સરકાર**

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૫૫૭-ખ-૨

સચિવાલય, ગાંધીનગર

**તા.૧૯.૭.૨૦૧૧**

**વંચાણે લીધા:**

1. પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ , તા.૨૪.૪.૦૭
2. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ, તા.૧૩.૬.૨૦૦૭
3. પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ, તા. ૧૪.૧૦.૦૯

**ઠરાવ:**

ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા તથા તેને લગતી ન્યૂનતમ સુવિધાઓના અભાવે થતાં રોગોમાંથી ગ્રામ્યજનો મુક્ત બને તથા તેઓના જીવન-ધોરણમાં સુધારો થાય તેમજ ગામ સ્વચ્છ અને સ્વસ્થ બની નિર્મળ બને તે માટે ગ્રામ્ય વિસ્તારમાં કરવાની થતી સ્વચ્છતાલક્ષી કામગીરીને લક્ષમાં લઈ નિર્મળ ગુજરાત-૨૦૦૭ અંતર્ગત સંદર્ભ -૧ ના ઠરાવથી કાર્યપધ્ધતિ નક્કી કરી અમલમાં મૂકવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ સંદર્ભ-૨ના ઠરાવથી આ યોજના અંતર્ગત જુદી જુદી યોજનાઓના સંકલનથી ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાલક્ષી કામગીરીના ભાગરૂપે પ્રત્યેક ગામના એપીએલ કુટુંબો માટે શૌચાલય બનાવવાની કામગીરી નિર્મળ ગુજરાત યોજના હેઠળ આવરી લઈ ફક્ત એપીએલ કુટુંબો માટે શૌચાલય બનાવવાની યોજના અમલમાં મુકી શૌચાલય દીઠ રૂ.૧૫૦૦/- ની મર્યાદા નક્કી કરવામાં આવી હતી જેમાં રૂ.૭૫૦/ -સરકારશ્રીની ગ્રાંટમાંથી અને રૂ.૨૫૦/ધારાસભ્યશ્રીના ફંડમાંથી ફાળવવા નક્કી કરવામાં આવેલ અને બાકીના રૂ.૫૦૦/- એપીએલ લાભાર્થીએ શ્રમદાન તરીકે અથવા પોતે ભોગવવા ઠરાવવામાં આવેલ હતું.

વંચાણે લીધેલ: ૩ ના ઠરાવથી એપીએલ કુટુંબોને શૌચાલય બનાવવા માટે અપાતી રૂ.૭૫૦/-ની ઉક્ત સહાયમાં રૂ.૫૦૦/-નો વધારો કરી રૂ. ૧૨૫૦/- સરકારી ગ્રાંટમાંથી ફાળવવા નક્કી કરવામાં આવેલ અને તે સાથે શૌચાલયની કિમત રૂ.૨૦૦૦/-ઠરાવવામાં આવેલ હતી .

રાજ્ય સરકારે રાજ્યની તમામ ગ્રામ પંચાયતો ક્રમશ: નિર્મળ ગ્રામનું સ્ટેટસ પ્રાપ્ત કરે તે પ્રમાણેની કામગીરી કરવા નિર્ણય લીધેલ છે.

આ લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે ગ્રામ પંચાયત વિસ્તારના બીપીએલ તથા એપીએલ તમામ કુટુંબો શૌચાલય બનાવી તેનો ઉપયોગ કરતાં હોય અને ખુલ્લામાં શૌચક્રિયા તદ્દન બંધ હોય , ગામમાં ગંદકી ન હોય અને સ્વચ્છતાનું વાતાવરણ જળવાઈ રહેતું હોય તેવી ગ્રામ પંચાયતને ભારત સરકાર દ્વારા રૂ.૫૦,૦૦૦/-થી રૂ. ૫૦૦,૦૦૦/-ની રકમનો પુરસ્કાર વસ્તીના પ્રમાણમાં આપવામાં આવે છે .પરંતુ નગરપાલિકા વિસ્તારમાં એપીએલ કુટુંબોને શૌચાલય બનાવવા માટે આપવામાં આવતી રૂ.૪૫૦૦/- ની સહાય તથા ગ્રામ્ય વિસ્તારમાં બીપીએલને આપવામાં આવતી રૂ.૨૨૦૦/ની પ્રોત્સાહક સહાય વચ્ચે પ્રવર્તતી અસમાનતા દૂર કરવા માન.ધારાસભ્યશ્રીઓ અને જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ, વિવિધ અમલીકરણ એજન્સીઓ, ઔદ્યોગિક ગૃહો તેમજ ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા એપીએલ કુટુંબો માટે પણ શૌચાલય માટે પ્રોત્સાહક રકમમાં વધારો કરવાની રજૂઆતો મળેલ છે.

પુખ્ત વિચારણાના અંતે રૂ.૧૨૫૦/-ની હયાત સહાયમાં રૂ.૭૫૦/નો વધારો કરી રૂ.૨૦૦૦/-કરવા આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવનો અમલ રવાનગી તારીખથી કરવાનો રહેશે.

વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ, તા.૧૩.૬.૨૦૦૭ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગે થનાર વધારાનો ખર્ચ રૂ.૩૩.૭૫ કરોડ વિભાગે ચાલુ વર્ષની બજેટ જોગવાઈમાંથી મેળવી લેવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે પાડવાનો રહેશે.

મુખ્ય સદર : ૨૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો,

પેટા સદર : સીડીપી-૧૫ નિર્મળ ગુજરાત પંચાયતી રાજ સંસ્થાઓને પ્રોત્સાહન ૨૫૧૫ ૦૦ ૮૦૦ 300

વિગતવાર સદર : ૦૦ અને

હેતુ સદર : ૩૧૦૦

આ હુકમ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ની ફાઇલ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૬-૨૨૨-ચ ભાગ-૧ ઉપર નાણાં વિભાગની તા. ૫-૩-૨૦૧૧ ની નોધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમને નામે,

એચ.એમ.મેજિયાતર
નાયબ સચિવ(ગ્રામ વિકાસ)
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી ,સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી (તમામ)
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (તમામ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવ-વ- કમિશ્નરશ્રી,(ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી –તમામ -(કમિશ્નરશ્રી,ગ્રામ વિકાસની કચેરી મારફત)
- નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી-તમામ- (કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસની કચેરી મારફત)
- એકાઉંટંટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (પંચાયત), સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.